


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 014
Dt.: 22-09-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### દાયકાઓ સુધી ટેક્સની જાળમાં ફસાયેલો હતો દેશ : વડાપ્રધાન

# હવે લોકોનું સપનું થશે સાકાર, રોજિંદી વસ્તુઓ થશે સસ્તી : મોદી

### આ રિફોર્મ ભારતની ગ્રોથ સ્ટોરીને આગળ વધારશે અને રોકાણને સરળ બનાવશે અને દરેક રાજ્યને વિકાસની દોડમાં મદદ મળશે : વડાપ્રધાન



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રને સંબોધન આપ્યું. તેઓએ ન્યૂ જનરેશન જીએસટી રિફોર્મ પર દેશને સંબોધિત કર્યો. તેઓએ કહ્યું કે, કાલથી દેશમાં જીએસટી બચત ઉત્સવની શરૂઆત થવા જઈ રહી છે. પીએમ મોદીએ દેશવાસીઓને કાલથી શરૂ થનાર નવરાત્રિની શુભકામનાઓ આપીને સંબોધનની શરૂઆત કરી. કાલથી દેશભારમાં જીએસટીના નવા દરો લાગૂ થવા જઈ રહ્યાં છે, જેણે વડાપ્રધાને જીએસટી બચત ઉત્સવ ગણાવ્યો.

આ ઉપરાંત તેમણે જીએસટી ૨.૦ને લઈને વિગતાવાર વાત કરી. જેમા તેમણે કહ્યું કે નવા જીએસટી સ્લેબને કારણે દેશના દરેક પરિવારની ખુશીઓ વધવાની છે. સાથે જ કહ્યું કે આ રિફોર્મ ભારતની ગ્રોથ સ્ટોરીને આગળ વધારશે અને રોકાણને સરળ બનાવશે અને દરેક રાજ્યને વિકાસની દોડમાં મદદ મળશે.

પીએમ મોદીએ કહ્યું, ૨૦૧૭માં જ્યારે ભારતે જીએસટી લાવ્યું ત્યારે એક નવો ઈતિહાસ બન્યો હતો. દાયકાઓથી દેશના નાગરીકો અલગ અલગ ટેક્સને લઈને ગૂંચવણમાં હતા. આપણા દેશમાં ઘણા બધા પ્રકારના ટેક્સ એ સમયે હતા. દરેક જગ્યાએ ટેક્સના અલગ અલગ નિયમો હતા.

GST લાગુ થવા પહેલા લાખો કંપનીઓ અને દેશના કરોડો લોકોને વિવિધ કરોના જટિલ જાળથી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. એક શહેરથી બીજા શહેરમાં માલ મોકલવાની કિંમતમાં જે વધારો થતો હતો, તેનો બોજ અંતે ગરીબોને ઉઠાવવો પડતો હતો અને આ ખર્ચ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતો હતો. દેશને આ સ્થિતિમાંથી બહાર કાઢવું અત્યંત જરૂરી હતું. તેથી જ્યારે તમે અમને વર્ષ ૨૦૧૪માં સેવા કરવાનો મોકો આપ્યો, ત્યારે અમે જનહિત અને રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને જીએસટીને અમારી પ્રાથમિકતા બનાવી. અમે દરેક હિતધારક સાથે સંવાદ કર્યો અને રાજ્યોને પણ આ પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવ્યા. સૌને સાથે રાખીને જ આઝાદ ભારતમાં આટલો વ્યાપક કર સુધારો શક્ય બની શક્યો.

નવા જીએસટી રિફોર્મને લઈને તેમણે કહ્યું રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સસ્તી થવાની છે. જેમા ખાવા પિવાની વસ્તુઓ અને દવાઓ જેવી કેટલીય વસ્તુઓ ટેક્સ ફ્રી થશે ક્યાંતો તેના પર ૫ ટકા ટેક્સ આપવો પડશે. પીએમ મોદીએ કહ્યું કે વસ્તુઓ પર પહેલા ૧૨ ટકા ટેક્સ લાગતો હતો તે વસ્તુઓ હવે ૫ ટકાના ટેક્સના દાયરામાં આવી ગઈ છે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં એવું પણ કહ્યું આ વર્ષે સરકારે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા લોકોને ઈન્કમ ટેક્સમાં રાહત આપી હતી. સાથે જ આ જીએસટી રિફોર્મને કારણે પણ દેશના દરેક નાગરીકોને ફાયદો થવાનો છે. પહેલાની સરખામણીએ વાહનોમાં ખર્ચો થવાનો છે તેને લઈને ઉલ્લેખ કર્યો સાથે જ હરવા ફરવા જતા લોકોને પણ જણાવ્યું કે હોટલ રૂમના જીએસટીને પણ ઓછો કરી દેવામાં આવ્યો છે. જેથી ફરવા જવું પણ હવે સરળ રહેશે.

પીએમ મોદીએ કહ્યું, અમારી રોજિંદી જિંદગીમાં ઘણી બધી વિદેશી વસ્તુઓ જોડાઈ ગઈ છે, અમને આમાંથી મુક્તિ મેળવવી પડશે. આપણે તે જ વસ્તુઓ ખરીદવી જોઈએ જે સ્વદેશી છે. જે મેડ ઈન ઈન્ડિયા છે. જેને બનાવવામાં આપણા પોતાના લોકોની મહેનત લાગેલી છે. દરેક દુકાનને સ્વદેશીથી સજાવવી છે. ગર્વથી કહો કે આ સ્વદેશી છે, ગર્વથી કહો કે હું સ્વદેશી છું. આ દરેક ભારતીયનો મિજાજ બનવો જોઈએ. જ્યારે આ થશે, ત્યારે જ ભારત ઝડપથી વિકસિત બનશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આપણે નાગરિક દેવો ભવના મંત્ર પર ચાલતા આગળ વધી રહ્યા છીએ અને તેનો પ્રભાવ આપણને આગામી પેઢીના GST સુધારાઓમાં પણ દેખાઈ રહ્યો છે. જો આપણે આવકવેરામાં આપવામાં આવેલી છૂટ અને GSTમાં આપવામાં આવેલી છૂટને જોડીએ, તો માત્ર એક વર્ષમાં લેવામાં આવેલા નિર્ણયોથી દેશની જનતાને ૨.૫ લાખ કરોડ રૂપિયાથી વધુની બચત થશે. અને આ જ કારણ છે કે હું કહું છું, આ એક બચત મહોત્સવ છે."

દેશની વર્તમાન જરૂરિયાતો અને ભવિષ્યના સપનાઓને ધ્યાનમાં રાખીને GSTમાં નવા સુધારા લાગુ કરવામાં આવી રહ્યા છે. નવા સ્વરૂપમાં હવે માત્ર ૫ ટકા અને ૧૮ ટકા જ કર સ્લેબ રહેશે. આનો અર્થ એ છે કે રોજબરોજ ઉપયોગમાં આવતી મોટાભાગની વસ્તુઓ હવે વધુ સસ્તી થઈ જશે. ખાદ્ય પદાર્થો, દવાઓ, સાબુ, આરોગ્ય સેવાઓ, જીવન વીમા જેવી અનેક વસ્તુઓ અને સેવાઓ પર હવે કર નહીં લાગશે અથવા તો માત્ર ૫ ટકા જ કર લાગશે. જે વસ્તુઓ પર પહેલા ૧૨ ટકા કર લાગતો હતો, તેમાંના ૯૯ ટકા વસ્તુઓ હવે ૫ ટકા કરના દાયરા હેઠળ આવી ગઈ છે.

પીએમ મોદીએ કહ્યું, રિફોર્મ એક નિરંતર પ્રકિયા છે. સમય અને જરૂરિયાત બદલાતી રહે છે. એટલા માટે દેશની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને જોતા નેક્સ્ટ જનરેશન જીએસટી રિફોર્મ લાગી કરવામાં આવી રહ્યું છે. આ ફેરફાર તમામ માટે રાહત અને તકો લઈને આવશે.

## કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું: ટેક્સ સુધારાથી માંગ વધશે અને ઉદ્યોગોને નવી તકો મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, "મહેરબાની કરીને એ સુનિશ્ચિત કરો કે ટેક્સ ઘટાડાનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને મળે. આનાથી ઉદ્યોગ જગતને પણ ફાયદો થશે." તેમણે જણાવ્યું કે સરકારનો ઉદ્દેશ્ય વેપારને સરળ બનાવવાનો અને ઉત્પાદન ક્ષેત્ર (મેન્યુફેક્ચરિંગ સેક્ટર)ને મજબૂત કરવાનો છે. પીયૂષ ગોયલે એમ પણ કહ્યું કે, ટેક્સ સુધારાથી માંગ વધશે અને ઉદ્યોગોને નવી તકો મળશે. કેન્દ્ર સરકારે ૨૨ સપ્ટેમ્બરથી નવું GST ફ્રેમવર્ક લાગુ કરવાની જાહેરાત કરી છે. અત્યાર સુધી ચાર ટેક્સ સ્લેબ હતા - ૫%, ૧૨%, ૧૮% અને ૨૮%. પરંતુ સુધારા બાદ હવે માત્ર બે સ્લેબ રહેશે - ૫% અને ૧૮%. આ ઉપરાંત, વૈભવી (લક્ઝરી) અને સિન પ્રોડક્ટ્સ પર ૪૦% ટેક્સ લાગશે. સરકારનું માનવું છે કે આ ફેરફારથી ટેક્સ સિસ્ટમ સરળ બનશે, વેપારીઓનો બોજ ઘટશે અને ગ્રાહકોને રાહત મળશે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, "મહેરબાની કરીને એ સુનિશ્ચિત કરો કે ટેક્સ ઘટાડાનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને મળે. આનાથી ઉદ્યોગ જગતને પણ ફાયદો થશે." તેમણે જણાવ્યું કે સરકારનો ઉદ્દેશ્ય વેપારને સરળ બનાવવાનો અને ઉત્પાદન ક્ષેત્ર (મેન્યુફેક્ચરિંગ સેક્ટર)ને મજબૂત કરવાનો છે. પીયૂષ ગોયલે એમ પણ કહ્યું કે, ટેક્સ સુધારાથી માંગ વધશે અને ઉદ્યોગોને નવી તકો મળશે.

વસ્તુઓ કેટલી સસ્તી થશે?

નિષ્ણાતોનું કહેવું છે કે ટેક્સ દરમાં ઘટાડાથી ઘણી પ્રોડક્ટ્સની કિંમતોમાં મોટો ઘટાડો થશે.

- ઓટોમોબાઈલ સેક્ટર: ગાડીઓની કિંમતોમાં ૧૨-૧૫%નો ઘટાડો થઈ શકે છે.

- કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન જેવી વસ્તુઓ): આમાં ઓછામાં ઓછી ૧૦% કિંમત ઘટી શકે છે.

- રોજિંદી વસ્તુઓ: ટેક્સ ઘટવાથી ગ્રાહકોને સીધો ફાયદો થશે અને તેમનું ખિસ્સું હળવું રહેશે.

પીયૂષ ગોયલે જણાવ્યું કે, સરકાર અનેક સ્તરે સુધારા કરી રહી છે. નવી લોજિસ્ટિક્સ પોલિસી લાગુ કરવામાં આવી છે. નવા ઔદ્યોગિક શહેરોનો વિકાસ થઈ રહ્યો છે.

નાના-મોટા વિવાદોને ડિક્રિમિનલાઈઝ કરવામાં આવ્યા છે. ઉદ્યોગો પર અનુપાલનનો બોજ ઘટાડવા માટે પગલાં લેવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ સુધારાઓથી વેપાર સરળ બનશે અને ભારત રોકાણકારો માટે વધુ આકર્ષક સ્થળ બનશે.

આ મહિનાની શરૂઆતમાં સરકારે તમામ વેપારીઓને સૂચના આપી હતી કે તેઓ પોતાની દુકાનો અને શોરૂમમાં અસ્થાયી પ્રાઈઝ લિસ્ટ લગાવે, જેથી ગ્રાહકોને તરત જ ખબર પડે કે નવા ટેક્સ દરો લાગુ થયા બાદ કઈ પ્રોડક્ટની કિંમત કેટલી ઘટી છે. CBIC (કેન્દ્રીય પરોક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડ) એ પણ જીએસટી પરિષદના નિર્ણયોને અમલમાં મૂકવા માટે ઉદ્યોગ સંઘો અને મંત્રાલયો સાથે અનેક બેઠકો યોજી હતી.

પીયૂષ ગોયલે જણાવ્યું કે ઓટોમોબાઈલ જેવા કેટલાક સેક્ટરે ટેક્સ ઘટાડાનો લાભ ગ્રાહકોને પહોંચાડવાનું શરૂ કરી દીધું છે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે, નવી ગાડીઓની કિંમતો પહેલેથી ઘટાડવામાં આવી છે, જેથી લોકો ખરીદી માટે ઉત્સાહિત થાય.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આજે સમગ્ર વિશ્વ ભારત સાથે વેપારી સંબંધો મજબૂત કરવા માંગે છે. અનેક દેશો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર વાતચીત કરી રહ્યા છે. સરકારનું માનવું છે કે GST સુધારા અને વેપાર સરળતાથી ભારતની વૈશ્વિક સ્થિતિ (ભારતની ગ્લોબલ પોઝિશન) વધુ મજબૂત થશે.

GST સુધારાઓની સીધી અસર સામાન્ય જનતા પર થશે. ટેક્સ સ્લેબ ઘટવાથી રોજિંદી વસ્તુઓ સસ્તી થશે, ગાડીઓ અને ઈલેક્ટ્રોનિક્સ જેવી મોટી ખરીદીનો બોજ હળવો થશે અને લોકોની બચત વધશે. તહેવારોની સિઝનમાં આની ખાસ અસર જોવા મળી શકે છે.

## INS અરિહંતથી બમણું શક્તિશાળી: ચીનની દરિયાઈ તાકાત સામે ભારતે બનાવ્યું મેગા ન્યૂક્લિયર રિએક્ટર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે નૌસેનાની તાકાતમાં વધારો કરવા માટે એક ખાસ અને ખતરનાક ટેકનોલોજી ડેવલપ કરી છે. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) દ્વારા ૨૦૦ મેગાવોટ ઈલેક્ટ્રિક (MWe)નો એક નવો ન્યુક્લિયર રીએક્ટર બનાવાયો છે. આ રીએક્ટર જીપ ક્લાસની ન્યુક્લિયર સબમરીન અને ન્યુક્લિયર અટેક સબમરીન (પ્રોજેક્ટ ૭૭)માં લગાવવામાં આવશે, જેનાથી સબમરીનની શક્તિ બમણી થઈ જશે.

હાલમાં ભારતની INS અરિહંત અને INS અરિઘાત જેવી ન્યુક્લિયર સબમરીનમાં ૮૩ સ્ઊીનો રીએક્ટર છે, જે નાના હોવાથી સબમરીન લાંબો સમય પાણીની અંદર રહી શકતી નથી, જેના કારણે મિશન ટૂંકા થઈ જાય છે. જોકે હવે નવો ૨૦૦ MWeનો રીએક્ટર બમણી શક્તિ પુરી પાડશે, જેના કારણે સબમરીનને વધુ સમય માટે ડૂબી રહેવા માટે તેમજ લાંબા મિશન પૂરા કરવા માટે સક્ષમ બનાવશે. S5 ક્લાસ ભારતની નેક્સ જનરેશનની બેલિસ્ટિક મિસાઈલ સબમરીન (SSBN) છે, જે આઈએનએસ અરિહંત ક્લાસ કરતાં મોટી એટલે કે ૧૩૦૦૦ ટનની હશે. આ સબમરીનમાં ૫૦૦૦ કિલોમીટરની રેન્જની 'K-5 SLBM 12-16 ICBM મિસાઈલો' લગાવી શકાશે. આ ઉપરાંત પ્રોજેક્ટ ૭૭ હેઠળની એટેક સબમરીન દુશ્મન જહાજોનો સરળતાથી શિકાર કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી ચીનની સબમરીન સતત મજબૂત થઈ રહી છે, તેથી ભારતે પણ મજબૂત હથિયારો વિકસીત કરવા જરૂરી બની ગયા છે. નવા ન્યુક્લિયરના કારણે હવે ભારત સબમરીન થકી લાંબા મિશનો સરળતાથી પાર પાડી શકશે. ખાસ વાત એ છે કે, બીએઆરસી દ્વારા નવો ન્યુક્લિયર આત્મનિર્ભર ભારત હેઠળ વિકસીત કરવામાં આવ્યો છે.

## શું દેશમાં ચૂંટણી લડવાની લઘુતમ ઉંમર ૨૧ વર્ષ કરાશે? : ચૂંટણી પંચે આપ્યો સ્પષ્ટ જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી




હાલમાં દેશમાં સંસદીય અને વિધાનસભા ચૂંટણી લડવા માટે લઘુત્તમ ઉંમર ૨૫ વર્ષ છે. તેને ઘટાડીને પંચાયત અને સ્થાનિક ચૂંટણીઓની જેમ ૨૧ વર્ષ કરવા અંગે સંસદની સ્થાયી સમિતિની ભલામણ સાથે ઈલેક્શન કમિશન સહમત નથી. વાસ્તવમાં જ્યારે ચૂંટણી પંચને આ બાબતે સમિતિના ભલામણ વાળી રિપોર્ટ મળી તો તેણે પ્રતિક્રિયા મંતવ્યો સમિતિને મોકલ્યા કે અમે ચૂંટણી લડવાની ઉંમર ઘટાડવાના પક્ષમાં નથી. આનું કારણ એ છે કે, જો ૧૮ વર્ષની ઉંમરે વોટ આપી પણ દીધો તો આ અવસ્થામાં એટલી પરિપક્વતા નથી આવતી કે, યુવાનો સંસદ અથવા વિધાનસભા જેવા મહત્વપૂર્ણ પદની જવાબદારીઓને સમજવા અને સંભાળવાની ગંભીરતા હાંસલ કરી લે. સંસદની સ્થાયી સમિતિનું નેતૃત્વ હાલમાં ભાજપના સાંસદ બ્રિજલાલ કરી રહ્યા છે. સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે, વિકસિત અને નવા જમાનાની વિચારધારા ધરાવતા યુવાનોને લોકશાહી પ્રક્રિયાઓથી રૂબરૂ કરાવવા અને આંતરરાષ્ટ્રીય માહોલને ધ્યાનમાં રાખીને દેશે ચૂંટણી લડવા માટેની લઘુત્તમ ઉંમર ૨૫થી ઘટાડીને ૨૧ વર્ષ કરવા પર ફરીથી ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ.

જોકે, નિષ્ણાતોનું માનવું છે કે, આ ફેરફારને ગતિ આપ્યા બાદ દેશભરમાં ઓછામાં ઓછા ૮ કરોડ વધુ યુવાનો ચૂંટણી લડવા માટે વય લાયકાત પૂર્ણ કરવા માટે લાયક બની જશે.

સ્થાયી સમિતિએ કાયદા અને ન્યાય મંત્રાલયને પરામર્શ માટે મોકલવામાં આવેલા પોતાના અહેવાલ સાથે આશા વ્યક્ત કરી હતી કે, આ પ્રસ્તાવ પર વિવિધ વિભાગો વચ્ચે વ્યાપક ચર્ચા થવી જોઈએ. જેમાં યુવા સંગઠનો, બંધારણીય નિષ્ણાતો, સામાજિક અને નાગરિક સમાજ સંગઠનો જેવા હિતધારકોને સામેલ કરીને તેમના મંતવ્યો મેળવવામાં આવે છે. તમને જણાવી દઈએ કે, ચૂંટણી લડવા માટે ઉંમર ઘટાડવાની એક ભલામણ ૨૦૨૩માં પણ કરવામાં આવી હતી, ત્યારે તો ચૂંટણી લડવાની ઉંમર ૨૫ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષ કરવાની ભલામણ કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૩માં, સંસદની સ્થાયી સમિતિએ વિધાનસભા અને લોકસભા ચૂંટણી લડવા માટે લઘુત્તમ ઉંમર ૨૫થી ઘટાડીને ૧૮ વર્ષની કરવાની ભલામણ કરી હતી. સમિતિએ કેનેડા, યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જેવા પશ્ચિમી દેશોનું અનુકરણ કરીને આ ભલામણ કરી હતી. આ દેશોમાં મતદાનની ઉંમર અને ચૂંટણી લડવાની ઉંમર સમાન છે.

ભારતમાં હાલમાં કુલ મતદાતા એક અબજની આસપાસ છે, એટલે કે, ૯૯ કરોડથી વધુ. તેમાં ૨૦થી ૨૯ વર્ષની ઉંમર વાળા ૧૯ કરોડ ૭૪ લાખ વોટર છે. જોકે, તેમાં પણ ૨૧થી ૨૫ વર્ષની ઉંમરના ૮ કરોડ મતદાતા છે. દેશભરમાં ૧૮ થી ૧૯ વર્ષની ઉંમરના ૧ કરોડ ૮૪ લાખ વોટર છે.

## ગાઝા ફરી બોમ્બમારાથી ધણધણી ઉઠ્યું: ઈઝરાયલના હુમલામાં એક જ દિવસમાં ૯૧ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝા

પાણી અને ભોજન માટે સંકટનો સામનો કરી રહેલા ગાઝામાં ઈઝરાયલે ફરી ભયાનક હુમલો કર્યો છે. રિપોર્ટ હુમલામાં એક જ દિવસમાં આશરે જાણીતા ડૉક્ટરના પરિવાર ૯૧ પેલેસ્ટાઈનીઓના મોત થયા છે. અલ જઝીરાના રિપોર્ટ મુજબ, ઈઝરાયલે શનિવારે ગાઝામાં ઘરો, શિબિરો, ટેન્ટ અને લોકોને લઈ જઈ રહેલા ટ્રકને ટાર્ગેટ બનાવ્યા હતા. આ હુમલાઓ એટલા શક્તિશાળી હતો કે ધરતીકંપના આંચકા જેવો લાગ્યો હતો. હુમલામાં ઘણી બિલ્ડિંગો ધ્વસ્ત થઈ ગઈ છે.આ હુમલામાં ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ અલ-શિફાના ડિરેક્ટર મોહમ્મદ અબુ સાલમિયાના ભાઈ, તેમના સાસરિયાં અને તેમના બાળકો સહિત અનેક પરિવારજનો માર્યા ગયા છે. નાસર વિસ્તારમાં થયેલા બીજા હુમલામાં એક ટ્રકને નિશાન બનાવવામાં આવ્યો હતો, જેમાં સવાર લોકોના મોત થયા હતા. ઈઝરાયલના સતત હુમલાઓથી ડરેલા ગાઝા સિટીના લોકો ઉત્તર તરફ ભાગી રહ્યા છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે ઈજાગ્રસ્તો સુધી દવાઓ અને ખોરાક પહોંચાડવો પણ મુશ્કેલ બની ગયો છે. છેલ્લા એક મહિનામાં ચાર લાખથી વધુ લોકોએ ગાઝા છોડીને પલાયન કર્યું છે. આ વિસ્તારમાં પીવાના પાણી, ભોજન જેવી સુવિધાઓની પણ અછત સર્જાઈ છે. હમાસે ઈઝરાયલને ધમકી આપી છે કે, જો હુમલાઓ ચાલુ રહેશે, તો બાકીના ૪૮ બંધકોનો જીવ જોખમમાં આવી જશે.




# તંત્રી લેખ......

## મોદીનો સ્વદેશીનો મંત્ર અર્થતંત્ર માટે રામબાણ

ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સ્વદેશીની ચળવળે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. હવે આર્થિક પ્રતિબંધોનાં દબાણથી દેશને મુક્ત કરાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરીવાર સ્વદેશીનો મંત્ર ભારતીયોને આપ્યો છે. પોતાના ૭૫મા જન્મદિવસે દેશ આખાએ મોદીને અભિનંદનની વર્ષામાં તરબતર કર્યા, ત્યારે તેમણે દેશ પાસે ભેટમાં સ્વદેશી અપનાવવાનો નિર્ધાર માગીને આઝાદીના સંકલ્પનું ચિત્ર ફરી ખડું કર્યું છે. સ્વાભાવિક રીતે તેમના આહ્વાહનને દેશ વધાવી લઈ આઝાદીના સમય જેવી દેશદાઝ ફરી જાગશે એવાં એંધાણ મળી રહ્યાં છે. બુધવારે મધ્યપ્રદેશના ધારમાં યોજાયેલા જન્મદિવસના અભિવાદન સમારંભને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ ભારે લાગણીભીના સ્વરે દેશના લોકોને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફના જવાબમાં સ્વદેશી વસ્તુઓ ખરીદવાની હૃદયસ્પર્શી અપીલ કરી હતી. તેમણે કહ્યંઅ હતું કે, તમે જે કંઈ પણ વસ્તુ ખરીદો તે દેશમં બનેલી હોય અને તેમાં દેશના કામદારનો પરસેવો હોય. સાથોસાથ વડાપ્રધાને દેશના દુકાનદારોને પણ અપીલ કરી કે તેઓ જે કંઈ વેચે તે દેશમાં બનેલું હોય અને દુકાનો પર બોર્ડ લાગવા જોઈએ કે ગર્વ સે કહો યે સ્વદેશી હૈ. આજે હાલત એવી છે કે, વિદેશી વસ્તુઓના પ્રેમને લીધે આપણે સ્થાનિક ઉત્પાદનોને નુકસાન પહોંચાડી રહ્યા છીએ અને અર્થતંત્રની ઉપર બોજો વધારી રહ્યા છીએ. આજે ભારત વિશ્વની સૌથી મજબૂત અને વિશાળ બજાર હોવાનું ગૌરવ ધરાવે છે, પણ કમભાગ્યે આ બજારમાં વિદશી વસ્તુઓના પ્રભાવને લીધે આનો જોઈએ એવો લાભ સ્થાનિકનાં ઉત્પાદનો અને દેશના અર્થતંત્રને મળતો નથી. આવામાં આ સમસ્યાનો એકમાત્ર ઉકેલ આધુનિક સ્વદેશી ચળવળ ચલાવવાનો છે. દેશના લોકો વડાપ્રધાનના આ મંત્રને અમલી કરે તો એક સાથે સંખ્યાબંધ સમસ્યાઓનો ઉકેલ આવી શકે તેમ છે. આજે ભારતની ગણના વિશ્વમાં ઝડપથી વિકસી રહેલી આર્થિક તાકાત તરીકે થાય છે, પણ અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશો ભારતના આ વિકાસને પચાવી શકતા નથી એવા સંજોગો સતત આકાર લઈ રહ્યા છે. રશિયાના જંગને રોકવાના બહાને ભારત પર આકરા ટેરિફ લાદીને અમેરિકાને એક કાંકરે બે પક્ષી મારાવા હોય તેમ જણાઈ રહ્યં છે. એક તો ભારતને રશિયાના ક્રૂડની ખરીદી કરતા રોકવા અને તેના દ્વારા ભારતીય અર્થતંત્રને નબળું પાડવું એવી ટ્રમ્પની મહેચ્છા હોવાનું ચિત્ર સામે આવી ચૂક્યું છે. આવા સંજોગોમાં ભારતે અમેરિકા કે પશ્ચિમી દેશોનાં દબાણને વશ ન થવાનું મક્કમ વલણ લીધું છે. ભારતે ટેરિફની અસરો ઓછી કરવા વિવિધ ઉપાયો કર્યા છે. સ્થાનિકે વેચાણ વધે તે માટે જીએસટીના દરોને ઘટાડીને તર્કસંગત કરતા સ્વદેશી વસ્તુઓના ભાવો આગામી સોમવારથી ઘટી રહ્યા છે. આવામાં ભાવોમાં રાહત અને વડાપ્રધાનની સ્વદેશીની હાકલના સમન્વયથી ટ્રમ્પના ઈરાદાને પરાસ્ત કરવાની તાકાત ભારત બતાવી શકશે. આવનારા દિવસોમાં દેશભરમાં સ્વદેશીની ખરીદી ભારતીય બજારોને છલકાવી દેશે અને અર્થતંત્રને નવું બળ આપશે એવી આશા રાખી શકાય.

## આજથી ગુજરાતમાં ૭૦૦ પ્રોડકટના ભાવમાં થશે ઘટાડોઃ દુધ, ઘી, બટર, સહિત ૭૦૦ પ્રોડકટના ભાવમાં ઘટાડો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

નવરાત્રી અગાઉ ગુજરાતના લોકો માટે આર્થિક રાહતના સમાચાર સરકારે આપ્યા છે. ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી) માં ઘટાડાના કારણે અમુલ દ્વારા પોતાની ૭૦૦ થી વધુ પ્રોડકટનો ભાવ ઘટાડવાનો નિર્ણય લીધો છે, આ ભાવ ઘટાડો આજે તા. ૨૨ સપ્ટેમ્બર થી લાગુ થશે અને તેનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને મળશે. આ નિર્ણયથી અમુલના ગ્રાહકોને સીધો ફાયદો થશે, કારણ કે જીએસટીમા થયેલા ઘટાડાનો લાભ કંપની પોતે નહી પરંતુ ગ્રાહકોને આપશે. આ ભાવ ઘટાડો આજથી અમલમાં આવશે, આ ભાવ ઘટાડામાં અમુલની અન્ય મુખ્ય પ્રોડકટનો સમાવેશ થાય છે. જેમાં બટર, ઘી, દુધ, આઈસ્કીમ અને ચીઝ જેવી રોજબરોજની ચીજવસ્તુઓ મુખ્ય છે. જેમાં અમુલ બટર માં ૧૦૦ ગ્રામના પેક પર રૂપીયા ૪ નો ઘટાડો, ૫૦૦ ગ્રામ ના પેક પર રૂપીયા ૨૦ નો ઘટાડો, અમુલ ઘી માં ૧ લીટર ના પેક પર રૂપીયા ૪૦ નો ઘટાડો, ૫ લીટરના પેક પર રૂપીયાનો ૨૦૦ નો ઘટાડો, તો બીજી તરફ અમુલ દુધ માં અમુલ તાજા સ્ટોન મિલ્કના પ્રતિ લીટરે રૂપીયા ૨ નો ઘટાડો , તો અમુલ ગોલ્ડના પ્રતિ લીટરે રૂપીયા ૩ નો ઘટાડો, આ ભાવ ઘટાડો સામાન્ય ગ્રાહકોના માસિક બજેટ પર સકારાત્મક અસર કરશે અને મોંઘવારીના આ સમયમાં તેમને મોટી રાહત આપશે. અમુલનો આ નિર્ણય ગ્રાહકો પ્રત્યેની તેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.




## ઠાકોર સમાજનુ પ્રદર્શન કરી ચુકેલા ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ગુમ થયાના ગાંધીનગરમાં પોસ્ટરો લાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરના પુર્વીય વિસ્તારમાં આવેલા નાના ચીલોડા ગામમાં આજે એક અનોખો વિરોધ જોવા મળ્યો હતો. જયાં સ્થાનિક લોકો પ્રાથમિક સુવિધાઓ જેવી કે પીવાનુ પાણી, ગટર વ્યવસ્થા અને રોડ રસ્તાઓના અભાવને કારણે ભાજપના સ્થાનિક કોર્પોરેટરો અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોર વિરૂધ્ધ રોષ વ્યકત કરીને રોડ રસ્તા પર ઉતર્યા હતા. વિરોધીઓએ નેતાઓના વિશાળ ફોટા પર સાંસદ અને કોર્પોરેટરો ગુમ છે , રોડ રસ્તાઓ તુટેલા, નેતા સુતેલા જેવા કટાક્ષપૂર્ણ લખાણો કરેલા પોસ્ટરો લઈને મુખ્ય રોડ રસ્તા પર વિરોધ કરવા ઉતર્યા હતા.





આ વિરોધમાં યુવાનો , મહિલાઓ અને વડીલોની ભાગીદારી જોવા મળી હતી, જેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો કામ ન થાય તો આગળથી ગામમાં પ્રવેશ પણ નહી મળે, નાના ચીલોડા વિસ્તાર જે સરદાર પટેલ રીંગરોડની નજીક આવેલો છે, ૨૦૨૦ માં અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન (એએમસી) માં સમાવિષ્ટ થયો હતો અને તેને સરદારનગર વોર્ડમાં ગણવામાં આવે છે, આ વિસ્તારમાં લગભગ ૧૦ હજાર થી વધુ વસ્તીવાળા પરીવારો રહે છે , જેમાં મોટાભાગના લોકો મજુરી અને નાના વ્યવસાયો પર આધાર રાખે છે, એએમસીમાં જોડાયા ૫ વરસ વિતી ગયા છતાં અહીં વિકાસના કામો અધુરા જ છે, પાણીની અછત, ઉભરાતી ગટરો અને તુટેલા રોડ રસ્તાઓ જેવી સમસ્યાઓ દરરોજના જીવનને મુશ્કેલ બનાવી રહી છે, આજના વિરોધે આ હતાશાને નવી ઉંચાઈ આપી છે જે અમદાવાદના અન્ય વિસ્તારોમાં પણ ફેલાઈ શકે તેવી આશંકા વ્યકત થાય છે. વિરોધ આજે રવિવારે સવારે ૧૦ વાગે શરૂ થયો જયારે ગામના યુવાનોએ મુખ્ય ચોકમાં એકઠા થઈને પોસ્ટરો તૈયાર કર્યા હતા. આ પોસ્ટરો પર ભાજપના સરદારનગર વોર્ડના ચારેય કોર્પોરેટરો, સન્ની ખાનચંદાણી , મિતલ મકવાણા તથા અન્ય બે તેમજ ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને પૂર્વ લોકસભા સાંસદ હસુમખ પટેલના ફોટા લગાવવામાં આવ્યા હતા. આ ફોટાઓ પરના લખાણો નેતાઓની નિષ્ક્રીયતા પર તીખો કટાક્ષ કરતા હતા, ગુમ છે, રોડ રસ્તા તુટેલા, નેતા સુતેલા, વિરોધીઓએ આ પોસ્ટરોને હાથમાં લઈને રોડ રસ્તા પર માર્ચ કાઢી અને અમદાવાદ મ્યુનિસીપલ ની કચેરી તરફ જવાની ધમકી ઉચ્ચારી હતી.

આ વિરોધ પ્રદર્શનમાં મહિલાઓ પણ આ વિરોધમાં મોખરે હતી એક મહિલા વહિવટીએ જણાવ્યુ હતુ કે બાળકોને પીવા માટે પાણી નથી મળતુ, ગટરની સમસ્યાને કારણે બિમારીઓ વધી રહી છે, મેલેરીયા , ડેન્ગ્યુ જેવી બિમારીઓના કેસો વધ્યા છે. કોર્પોરેટરો અને ધારાસભ્ય આવે તો ફોટા પાડે છે પણ કામ કરતા નથી. આ રોષ હવે સહન થઈ શકે તેમ નથી, યુવાઓને વધુ તીવ્ર ચેતવણી આપી હતી કે જો તમારાથી કામ ન થતુ હોય તો તમે ગામમાં એન્ટ્રી લેતા નહી, અમે અમારા ખર્ચે આ બધા કામો કરાવી લઈશુ, પણ પછી ગામમાં આવવુ જ નહી, જો કોઈ કામ માટે આવવુ હોય તો ગામના યુવાનોને મળવુ, બીજા કોઈને મળે ત્યારે મળવુ નહી, નાના ચીલોડા જેવા વિસ્તારો અમદાવાદના શહેરીકરણના એક ભાગ છે, જયાં ગ્રામીણ વિસ્તારોને શહેરી વ્યવસ્થામાં સમાવવામાં આવ્યા છે, ૨૦૨૦ માં એએમસીમાં સમાવેશ થયા ત્યારે વડાપ્રધાન અને મુખ્યમંત્રીના વિકાસ યોજનાઓ હેઠળ વચનો આપવામાં આવ્યા હતા. પાણી પુરવઠાની ૨૪ કલાકની વ્યવસ્થા, આધુનિક ગટર સિસ્ટમ અને વ્યાપક રોડ રસ્તા સુધારણા, પરંતુ વાસ્તવિકતા અલગ છે , એએમસીના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બજેટની અછત અને વસ્તી વધારાને કારણે કામો વિલંબીત થઈ રહ્યા છે. પણ સ્થાનિકો આ તર્કને માનતા નથી અન્ય વોર્ડમાં તો કામ થાય છે અહી કેમ નહી ? તેમ એક વડીલ વહિવટીય પુછયુ હતું. આ વિસ્તારમાં પાણી પુરવઠાની વ્યવસ્થા હજુ પણ જુની અને અપુર્ણ છે, લોકોને ટેન્કર પર નિર્ભર રહેવુ પડે છે, જેની કિંમત દર મહિને હજારો રૂપીયા થાય છે, ગટરની લાઈનો બ્લોક થઈ ગઈ છે જેના કારણે વરસાદમાં પાણી ભરાવુ અને બુધ્ધી બળતરની સમસ્યા વધે છે. રોડ રસ્તાઓની સ્થિતિ પણ ખરાબ છે, ખાડાઓથી ભરેલા રોડ રસ્તા વાહનો માટે જોખમી છે અને વેપારીઓને નુકશાન પહોચાડે છે.

આ વિરોધ ભાજપના સ્થાનિક નેતાઓ પર વધતા દબાણને દર્શાવે છે. ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકમાં ભાજપનુ મજબુત વર્ચસ્વ હોવા છતાં નાના ચીલોડા જેવા વિસ્તારોમાં અસંતોષ વધ્યો છે. ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને કોર્પોરેટરોના પ્રતિનિધિઓ તરફથી હજુ સુધી કોઈ જવાબ આવ્યો નથી પણ સ્થાનિક રાજકારણમાં આ મુદ્દો ચુંટણીના સમયે મોટો મુદ્દો બની શકે છે. વિપક્ષી પાર્ટીઓએ આ વિરોધને તેમના સમર્થનની જાહેરાત કરી છે અને કહ્યુ છે કે આ માત્ર શરૂઆત છે, વધુ વિસ્તારોમાં આવા આંદોલન થશે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com







RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આવો, મનાવીએ
GST
બચત ઉત્સવ
Next Generation
GST REFORMS
દેશ માટે વધુ બચતનો અવસર, સ્વદેશીને મળશે પ્રોત્સાહન
આજથી નેક્સ્ટ જનરેશન ટેક્સ રિફોર્મની શરૂઆત
હવે ઘરગથ્થુ વસ્તુઓથી લઈને વાહન સુધી બધું થશે વધુ સસ્તું!
શું બદલાશે?
હવે, ૫% અને ૧૮% એમ માત્ર ૨ ટેક્સ સ્લેબ
દૈનિક વપરાશની વસ્તુઓ જેવી કે, ખાદ્ય સામગ્રી, દવાઓ, સાબુ, બ્રશ, આરોગ્ય-વીમા સસ્તી થશે
૧૨% સ્લેબમાં આવતી ૯૯% વસ્તુઓ પર હવે માત્ર ૫% GST
ઘર, ટીવી, ફ્રિજ, સ્કૂટર-બાઈક, કાર, હોટેલ સેવાઓ વધુ સસ્તી
કોને ફાયદો થશે ?
ગરીબ, મધ્યમ વર્ગ અને Neo મિડલ ક્લાસ
ખેડૂતો, મહિલાઓ, વેપારીઓ અને ઉદ્યમીઓ
MSMEs, લઘુ, સૂક્ષ્મ અને કુટિર ઉદ્યોગો
ભારતના દરેક પરિવારની બચત વધશે
દેશને શું લાભ?
વાર્ષિક ₹૨.૫ લાખ કરોડથી વધુની બચત થશે
MSMEs ને ડબલ ફાયદો: વેચાણ વધશે, ટેક્સ ઘટશે
રોકાણ વધશે અને વેપાર સરળ બનશે
“વન નેશન, વન ટેક્સ” - ભારતની વિકાસ યાત્રાને વેગ મળશે
|| નાગરિક દેવો ભવ ||
“હવે ગર્વથી કહો સ્વદેશી મારું સ્વાભિમાન છે”
-માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

દરેક ભાજપ સાંસદ તેમના સંબંધીત મતવિસ્તારના બજારોમાં પગપાળા કુચ કરશે

# આજથી ભાજપ સમગ્ર દેશમાં જીએસટી બચત મહોત્સવની શરૂઆત કરશે : જિલ્લા સાંસદો રોડ રસ્તે અને બજારોમાં પગદંડી ફરી જીએસટીનો પ્રચાર કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

આજથી દેશભરમાં ભારતીય જનતા પાર્ટી જીએસટી રીફોર્મને લઈને એક ખાસ ઝુંબેશ શરૂ કરવા જઈ રહી છે, ભાજપ આજે તા. ૨૨ સપ્ટેમ્બરે જીએસટી બચત મહોત્સવની શરૂઆત કરશે અને આ અભિયાન ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે, આ અભિયાન અંતર્ગત દરેક ભાજપ સાંસદ તેમના સંબંધીત સંસદીય મતવિસ્તારના બજારોમાં અને ગલીએ ગલીએ તેમજ સોસાયટીઓ અને શેરીઓમાં પગપાળા કુચ કરશે અને જીએસટી ના ફાયદા અંગે માહિતી આપશે.




નોંધનીય છે કે ભાજપ ૨૨ સપ્ટેમ્બર થી ૨૯ સપ્ટેમ્બર સુધી બચત મહોત્સવની ઉજવણી કરશે, આ ઝુંબેશ પાછળનો ઉદ્દેશ વેપારીઓ, દુકાનદારો અને સામાન્ય લોકો સાથે સીધો સંપર્ક સાધવાનો ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી) ના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો અને અર્થતંત્રમાં બચત અને પારદર્શિતામાં તેણે કેવી રીતે ફાળો આપ્યો છે તે પ્રકાશિત કરવાનો છે. અઠવાડીયા સુધી ચાલનારા આ અભિયાનમાં વિવિધ રાજયોના પક્ષના કાર્યકરો અને નેતાઓની વ્યાપક ભાગીદારી જોવા મળે તેવી અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક બજારોમાં પગપાળા કુચ કરીને ભાજપ તેની પાયાની પહોચને મજબુત બનાવવાની અને વેપાર તેમજ વાણીજયને પ્રોત્સાહન આપતી સરકારી નીતીઓને પ્રકાશિત કરવા માટે નાના વ્યવસાય માલીકો સાથે જોડાવવાની યોજના ધરાવે છે, ૨૨ સપ્ટેમ્બર થી અમલમાં આવનાર જીએસટીમાં મુખ્યત્વે બે કર દર હશે, ૫ ટકા અને ૧૮ ટકા, વૈભવી અને બિન- લકઝુરીયર્સ વસ્તુઓ પર અલગ ૪૦ ટકા કર લાદવામાં આવશે, નવા ફેરફારો અનુસાર તમાકુ અને સંબંધીત ઉત્પાદનો પર ૨૮ ટકા વતા સેસ લાગુ રહેશે,

હાલમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી) ચાર સ્લેબ હેઠળ વસુલવામાં આવે છે, ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા સરકારે નિર્દેશ આપ્યો છે કે વેપાર અને ઉદ્યોગ નવા દરો લાગુ થયા પછી ગ્રાહકોને તેનો સંપૂર્ણ લાભ આપે, સરકારે એક સુચનામાં સ્પષ્ટ સમયપત્રક જારી કરીને વિવિધ માલ માટે લાગુ દરો સ્પષ્ટ કર્યા છે. સરકારના નિર્દેશ અનુસાર વ્યવસાયોએ તાત્કાલીક તેમની સિસ્ટમ અપડેટ કરવી જોઈએ અને નવા દરોના આધારે સપ્લાય ચેઈનમાં કિંમતો સ્થાપિત કરવી જોઈએ, દર ઘટાડવાનો નિર્ણય ૩ અને ૪ સપ્ટેમ્બર ના રોજ યોજાયેલી જીએસટી કાઉન્સિલ ની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

# મોડી રાત સુધી ખેલૈયાઓ રમી શકશે ગરબા, પોલીસ દખલ નહી કરે: ગૃહમંત્રી હર્ષ સંઘવી

પ્રતિનિધિ,ગાંધીનગર

નવરાત્રીના પાવનપર્વને ધ્યાનમાં રાખીને ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી છે કે ગરબાની રમઝટ મોડી રાત સુધી ચાલુ રહી શકશે, તેમણે સ્પષ્ટ કહ્યુ છે કે જે આયોજનો નિયમોનુ પાલન કરતા હોય તેમાં પોલીસ કોઈપણ પ્રકારની દખલગીરી કરશે નહી, આ નિર્ણયથી ખેલૈયાઓ અને ગરબાના આયોજકો બંનેમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ વરસે પણ ગુજરાતીઓ રાબેતા મુજબ મોડી રાત સુધી ગરબા રમી શકશે, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આ અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે ગરબા આયોજકોને નિયમોનુ પાલન કરવાની શરતે મોડી રાત સુધી ગરબા ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે. ગૃહ વિભાગે આ સુનિશ્ચિત કરવા માટે ખાસ વ્યવસ્થા



કરી છે કે નાગરીકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને સુરક્ષાના તમામ નિયમોનુ પાલન પણ થાય, આ માટે પોલીસ વિભાગને પણ સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવી છે કે જયાં નિયમોનુ પાલન થઈ રહ્યુ હોય ત્યાં કોઈપણ પ્રકારની દખલગીરી ન કરવી.

હર્ષ સંઘવીએ ગરબાના આયોજકોને એક મહત્વપૂર્ણ અપીલ કરી છે કે આયોજકોએ ધ્યાન રાખવુ જોઈએ કે કોઈપણ અસામાજિક તત્વો ઉત્સવનો લાભ ઉઠાવીને વાતાવરણ બગાડી ન જાય, આ ઉપરાંત તેમણે ખાસ કરીને મહિલાઓ અને યુવતિઓને સુરક્ષા માટેની એક સરળ અને મહત્વપૂર્ણ માહિતી આપી હતી , સંઘવી એ કહ્યુ કે જો કોઈપણ મહિલાને નાની કે મોટી તકલીફ પડે તો તાત્કાલીક ૧૧૨ નંબર પર કોલ કરીને મદદ માંગી શકે છે, આ નિર્ણય ગરબાના ઉત્સવને માત્ર મનોરંજન પુરતો સિમિત રાખવાને બદલે તેને સુરક્ષિત અને જવાબદાર બનાવવાનો એક પ્રયાસ છે. મોડી રાત સુધી ગરબા ચાલુ રાખવાના આ નિર્ણયથી માત્ર ખેલૈયાઓ જ નહી પરંતુ નાના મોટા વેપારીઓ, ખાસ કરીને ખાણીપીણીની લારી ધારકોને પણ ફાયદો થશે. તેમને આ તહેવાર દરમિયાન રોજગારીની વધુ તકો મળી રહેશે. આ તમામ વ્યવસ્થાઓ સાથે આશા છે કે આ વર્ષની નવરાત્રી સુરક્ષિત અને ઉલ્લાસપૂર્ણ માહોલમાં પુરી થશે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય મતવિસ્તાર ગાંધીનગર જિલ્લામાં ૪૦૦ કરોડની જમીનનુ કૌભાંડઃ ૧ હજારના ટોળા સાથે ઉમટી પડયા તત્કાલીન મામલતદાર અને ભુમાફીયાઓ પર કર્યા આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય મતવિસ્તાર ગાંધીનગર જિલ્લાના શેરથા ગામમાં સ્થિત પ્રાચીન અને પવિત્ર નરસિંહજી મંદિર ટ્રસ્ટની અમુલ્ય ૪૦ એકર જમીન પર થયેલા કરોડોના કૌભાંડે સમગ્ર વિસ્તારમાં ભારે ઉથલ પાથલ મચાવી દીધી છે. કહેવાય છે કે કેન્દ્રીય ગૃહમંત્રીનો સંસદીય મતવિસ્તાર કહેવાય છે અને જયારે પણ કેન્દ્રીય ગૃહમંત્રી વિસ્તારની મુલાકાતે આવે છે ત્યારે માત્ર ને માત્ર કોર્પોરેશનની મુલાકાત લે છે, પરંતુ જિલ્લા કલેકટર કચેરીમાં પ્રજાને થતી હેરાનગતી બાબતે કયારેય પુછપરછ કરવામાં ન આવતા પ્રજામાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

નરસિંહજી મંદિર ટ્રસ્ટની ૪૦ એકર જમીન પર કરોડો રૂપીયાનુ કૌભાંડ થયુ છે, આ જમીનની અંદાજીત કિંમત રૂપીયા ૪૦૦



કરોડ જેટલી છે અને તેને ભુમાફીયાઓ કહેવાતા ગણોતીયાઓ તથા તત્કાલીન મામલતદાર સુનીલ આર રાવલ જેવા અધિકારીઓના મળતીયાઓએ બોગસ ખોટા દસ્તાવેજો અને હુકમો દ્વારા હડપી લેવાનુ કાવતરૂ આચર્યુ હોવાનો ગંભીર આરોપ ગ્રામજનોએ લગાવ્યો છે. આજે તા. ૨૧ સપ્ટેમ્બર ના રોજ શેરથા ગામના હજારો ગ્રામજનો મંદિર પરીસરમાં ઉમટી પડયા હતા અને વિશાળ જાહેરસભા યોજી હતી, જેમાં તટસ્થ તપાસ અને આરોપીઓ વિરૂધ્ધ કડક કાયદેસર કાર્યવાહીની માંગણી કરવામાં આવી હતી, સભા અગાઉ મંદિર થી ગામ સુધી લગભગ ૨ કિ.મી. ની મૌન રેલી કાઢી ગ્રામજનોએ અહિંસક વિરોધ નોંધાવ્યો હતો. જે ગાંધીયુગીના આંદોલનનુ જીવંત પ્રતિક બની ગઈ હતી. આ કૌભાંડ ફકત જમીનની હડપણી જ નહી પરંતુ તે ધાર્મિક ટ્રસ્ટના ધર્મદા દાનને લક્ષમાં બનાવીને કરવામાં આવ્યુ છે. જેના કારણે ગ્રામજનોમાં આક્રોશ તથા નિરાશા વ્યાપી ગઈ છે. ગ્રામજનોએ કલેકટર કુલદીપ આર્યાને સબમીટ કરેલી વિગતવાર રજુઆતમાં ૧૩ આરોપીઓના નામોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં તત્કાલીન મામલતદાર સુનીલ આર રાવલ નુ નામ પ્રથમ ક્રમાંકે છે,

નરસિંહજી મંદિર ટ્રસ્ટની આ જમીન જુના સર્વે નંબર ૭૧૬ (બ્લોક નં.૧૨૨૭ પૈકી રીસર્વે નંબર ૬૩૮ અને ૭૦૭ ) હેઠળ આવે છે. જેનો કુલ વિસ્તાર ૧,૪૯,૯૧૯ ચો. મી. (લગભગ ૪૦ એકર) છે. આ જમીન ૧૯૫૧-૫૨ થી ટ્રસ્ટના કબ્જા હેઠળ છે અને તેને ધર્માદા દાન તરીકે ગણવામાં આવે છે, કહેવાય છે કે ઐતિહાસિક રીતે આ મંદિરની શરૂઆત ૧૯ મી સદીમાં થઈ હતી. જયારે ગોમતીદાસ મહારાજે નેપાળથી નરસિંહજીની પવિત્ર મુર્તિ લાવીને અહીં પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. આઝાદીના આંદોલનના દિવસોમાં આ મંદિર ડો. સુમન મહેતાના આશ્રમ તરીકે જાણીતુ બન્યુ, જયાંથી ગણી લડાઈઓને પ્રેરણા મળી હતી, ગાયકવાડ સરકારે આઝાદી પછી મંદિરને નિભાવ અને ધાર્મિક કાર્યો માટે આશરે ૭૦ વિઘા જમીન આપી હતી, જેમાંથી આ ૪૦ એકર જમીનનો મુખ્ય હિસ્સો છે. જે મંદિરથી માત્ર ૧ કિ.મી. દુર આવેલી છે,

આ જમીન પર કૌભાંડની શરૂઆત કોરોના મહામારીના કાળમાં થઈ, જયારે વહેલી તપાસ અને કાર્યવાહીની અછતને કારણે અધિકારીઓને તક મળી ગઈ, તત્કાલીન મામલતદાર સુનીલ આર રાવલે ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ એક વિવાદાસ્પદ હુકમ જારી કર્યો, જેમાં સીલીંગ કેસ (જમીનની મર્યાદા) અને ગણોતધારા (ગણોતીયાવધારો) ના કોર્ટ કેસો હજુ પેન્ડીંગ હોવા છતાં અમુક વ્યકિતઓના નામે જમીનનો હુકમ કરી દીધો, આ હુકમના આધારે તરતજ વારસાઈ નોંધો અને વેચાણ દસ્તાવેજો (નંબર ૯૦૩૬ અને ૯૦૫૩) કરી દેવામાં આવ્યા, જેના પરથી જમીન ટ્રસ્ટના નામથી વેચાઈ ગઈ, આમ ભુમાફીયાઓ અને તેમના સંપર્કોને જમીનની માલીકી મળી ગઈ,

# ગાંધીનગર ડીવાયએસપી કચેરીમાં ઘુસી વિડીયોગ્રાફી કરતા શખ્સ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

સોશીયલ મીડીયા પર વિડીયો વાયરલ કરવાનુ ચલણ વધ્યુ છે, ત્યારે રાજયના પાટનગર ગાંધીનગરમાં ડીવાયએસપી ની કચેરીમાં ઘુસી જઈ એડવોકેટ હોવાની ઓળખ આપીને અધિકારી અને કર્મચારીઓ ગેરહાજર છે તેવી બાબતે ચેમ્બર ખોલીને વિડીયો ઉતારવા લાગેલા શખ્સ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ભુતકાળમાં તેણે સીવીલ હોસ્પીટલ, મહાનગરપાલિકા, ગુડા સહિત સરકારી કચેરીઓમાં ઘુસી જઈને સોશીયલ મીડીયા પર વિડીયો મુકયા હતા, સેકટર ૯ માં આવેલી નાયબ પોલીસ અધિક્ષકની કચેરીમાં નોકરી કરતા કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ જીલુભા બિહોલાએ આ સંબંધે નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે સરગાસણમાં આવેલી ગુડાની વસાહત રૂદ્રાક્ષ હાઈટ્સમાં રહેતા કેતનકુમાર મહેશભાઈ શર્મા નામના




શખ્સનુ નામ દર્શાવ્યુ છે, ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે બપોરના સમયે કચેરીમાં આવીને મુખ્ય અધિકારીની ગેરહાજરી બાબતે આરોપીએ વિડીયો ઉતારવાનુ શરૂ કરવાની સાથે તેને રોકવાનો પ્રયાસ કરાયો ત્યારે એડવોકેટ તરીકે ઓળખ આપીને જોઈ લેવાની ધમકી પણ આપી હતી. ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપીએ ભુતકાળમાં સીવીલ હોસ્પીટલ, મહાનગરપાલિકા અને ગુડા સહિત સરકારી કચેરીઓમાં ઘુસી જઈને સોશીયલ મીડીયા પર વિડીયો મુકયા હતા.

ફરીયાદમાં એવુ પણ જણાવાયુ છે કે ડીવાયએસપી કચેરીમાં હાજર ન હતા અને તેઓ કેન્દ્રીય ગૃહમંત્રીના આગામી પ્રવાસના કાર્યક્રમ સંબંધે કાયદો વ્યવસ્થા અને એડવાન્સ સીકયુરીટી લાયઝનીંગની કામગીરીમાં રોકાયેલા હોવા છતાં આ સંબંધે જાણકારી મેળવ્યા સિવાય આરોપી તેની ચેમ્બરમાં કોઈ હાજર નહી હોવા મતલબનો વિડીયો ઉતારવાનુ શરૂ કર્યુ હતું.

પશ્ચિમ રેલ્વે
વિદ્યુત કાર્યો
સિનિયર DEE/TRD/NS/BCT દ્વારા ઇ-ટેન્ડર નં. EL-TRD-W-118-25-26-9 તારીખ- 18.09.2025. કાર્યનું નામ: મુંબઈ વિભાગના વિરાર-જલગાંવ વિભાગમાં તમામ TSS, SP, SSP, AT, સ્ટેશનો અને રોડ ઓવર બ્રિજમાં અર્થિંગ સિસ્ટમ (અર્થ પિટ્સ) નું વિસ્તરણ/પુનઃનિર્માણ અને હાલના કાટ લાગેલા/કાટ લાગેલા/તૂટેલા ટ્રેક્શન બોન્ડ અને 70 ચો.મી. કેબલને બદલવા. જાહેરાત કરેલ કિંમત: રૂ. 2,31,23,840/-. કમાણી: રૂ. 2,65,600/-. સબમિશનની તારીખ અને સમય: તા. 10.10.2025 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.10.10.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
0625
અમને લાઇક કરો: facebook.com/WesternRly